સેક્ટર-૧૫ સરકારી આર્ટસ કોલેજમાં રોમીયોગીરી કરતા તત્વો પુનઃ સક્રીય

બે દિવસ અગાઉ જ કોલેજની વિદ્યાર્થિનીનો બાઈક પર આવેલ લુખ્ખાઓએ દુપટ્ટો ખેંચ્યો હતો : વિદ્યાર્થિનીએ ડરીને કોલેજ છોડી નીકળી ગઈ : પોલીસ લુખ્ખા તત્વો સામે કાર્યવાહી કરે તે જરૂરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલી સે. ૧૫ સરકારી આર્ટસ કોલેજ ખાતે લુખ્ખા તત્વો ફરી બેફામ બન્યા છે. બે દિવસ પહેલા જ લુખ્ખાઓની ટોળકીએ ધોળે દિવસે કોલેજ કેમ્પસમા જ એક વિદ્યાર્થીનીનો ચાલુ બાઈકે દુપટ્ટો ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. જો કે વિદ્યાર્થિની સમાજમાં બે આબરૂ ન થાય તે માટે ત્યાંથી તુરંત ઘરે આવી ગઈ હતી અને પોલીસ ફરિયાદ કરવાનું પણ ટાળ્યું હતું.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં રાજ્યના મુખ્યમંત્રી મહાનગર પાલિકાના મેયર અને જિલ્લા પંચાયત પ્રમુખ પદે મહિલા બિરાજમાન છે. જ્યાં દરરોજ મહિલા સુરક્ષા અને મહિલા સશક્તિકરણની મોટી-મોટી વાતો થાય છે. મહાત્મા મંદિર ખાતે જ આ વર્ષે મહિલા સશક્તિકરણ અને મહિલા સુરક્ષા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ત્યારે ત્યાંથી ફક્ત ૫૦૦ મીટરનાં અંતરે આવેલ સેક્ટર-૧૫ સરકારી વિનયન કોલેજ ખાતે દરરોજ લુખ્ખા તત્વો મહિલા સુરક્ષાના ધોળે બિન્દાસ બની ધજીયા ઉડાડી રહ્યા છે. આમ છેલ્લા ઘણા સમયથી સે. ૧૫ આર્ટસ કોલેજ અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. અને આંતરે દિવસે છેડતીના બનાવો બની રહ્યા છે. તેવી ઘણી ફરિયાદો ઉઠવા પામી છે.

બુધવારે જ શહેરના ૧૩ સેક્ટર ખાતે રહેતી અને સરકારી આર્ટસ કોલેજમાં જ અભ્યાસ બે યુવતી કોલેજ શરૂ થતા જ કોલેજમાં ગઈ હતી. દરમિયાન કેમ્પસમાં જ કોઈ બે લુખ્ખા પોતાના બાઈક પર આવ્યા હતા. અને એક વિદ્યાર્થિનીનો દુપટ્ટો ખેંચી તેની છેડતી કરી હતી. વિદ્યાર્થીની ગભરાહટમાં આવી તુરંત જ કેમ્પસમાંથી જ પરત ઘરે જતી રહી હતી. આ બનાવ બાબતે ગભરાયેલી વિદ્યાર્થીનીએ સમાજમાં બે આબરૂ ન થાય તે માટે કોઈ પણ પ્રકારની ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. આમ ગાંધીનગરમાં જ આવા ગંભીર છેડતીના બનાવો બની રહ્યા છે અને મહિલાઓ જ સુરક્ષિત નથી તો બીજા શહેરની વાત કરવી જ નકામી છે. શહેરમાં જ બનતી આવી છેડતી ઘટનાને રોકવા પોલીસતંત્ર જરૂરી કાર્યવાહી કરી આવા લુખ્ખા તત્વોને જેલના સળીયા પાછળ ધકેલે તેવી તાતી જરૂરિયાત ઉભી થવા પામી છે.

પોલીસે જપ્ત કરેલા ૮૦ જેટલા વાહનોની ૩૦ જુલાઈએ જાહેર હરાજી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર પોલીસે ઘણા લાંબા સમયથી વિવિધ ગુનાઓ હેઠળ કબજે લીધેલા વાહનો દિન પ્રતિદિન જર્જરીત અને ખરાબ થઈ રહયા છે. જેના નિકાલ માટે આગામી તા. ૩૦ જુલાઈ-૨૦૧૫ના રોજ સેકટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે જાહેર હરાજી રાખવામાં આવી છે. આ હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોને તા.૩૦ જુલાઈના રોજ સેકટર-૨૧, પોલીસ સ્ટેશને હાજર રહેવા જણાવાયું છે. પોલીસે કબજે લીધેલા વાહનોમાં ૧૫-ફોર વ્હીલર, ૨-થ્રી વ્હીલર, ૨૧ ટુ વ્હીલર બાઈક, ૨૨ સ્કુટર અને ૨૦ લ્યુના એમ કુલ ૮૦ વાહનોનો સમાવેશ થાય છે.

સંબંધિત વાહનોના વાલી-વારસોએ વાહનોની ઓળખ કરી આર.સી.બુક સાથે સે-૨૧ પોલીસ સ્ટેશન, ગાંધીનગર ખાતે ૩૦ જુલાઈ-૧૫ પહેલા સંપર્ક કરવાનો રહેશે.

એટીએમ રીન્યુનાં બહાને વધુ એક બેંક ખાતેદાર છેતરાયો

એટીએમ રીન્યુ કરવા માટે વિગતો લઈને બેંક ખાતામાંથી ૨૨ હજાર ઉપાડી લેતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૪

એટીએમ મેનેજર બોલુ છુ, બેંક ખાતાની અને એટીએમની ડીટેઈલ આપો કહીને તમામ વિગતો લઈ છેતરપીંડી કરતી ગેંગ સક્રીય છે અને ગાંધીનગર આસપાસ સંખ્યાબંધ કિસ્સાઓ બન્યા છે તેમ છતા હજુ આ તત્વોનો ભોગ બેંક ખાતેદારો બન્યા કરે છે. બેંક દ્વારા કોઈ જ પ્રકારની વિગતો ફોન પર લેવામાં આવતી નથી તેવી જાહેરખબરો અને એસએમએસ બેંક આપી રહી છે તેમ છતાં ભોળા ખાતેદારો હોંશેહોંશે પોતાની વિગતો આ ગઠીયાઓને ફોન પર આપી દે છે તેનો ભોગ પોતાને જ બનવુ પડે છે. આજે પણ અડાલજ ત્રીમંદિર પાસે એક ખાતેદાર આ તત્વોના ભોગ બન્યા છે જેની અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

મળતી વિગત મુજબ ત્રીમંદિર પાસે સાયના-ટુ વિલા ટાઉનશીપમાં રહેતા જશવંતભાઈ રતિભાઈ દવેને ફોન આવ્યો કે એટીએમ મેનેજર બોલુ છુ. કાર્ડ રીન્યુ કરવાનું હોવાથી તમામ વિગતો આપવી પડશે. ત્યાર બાદ વિગતો લઈને બેંક ખાતામાંથી તે શખ્સે રૂ. ૨૧,૯૨૮ ઉપાડી લીધા હોવાનો મેસેજ આવ્યો. ખાતેદારને ખ્યાલ આવ્યો કે તેની સાથે પણ છેતરપીંડી થઈ ગઈ છે. જેને આધારે ફરીયાદ આપતા અડાલજ પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. પંડ્યાએ ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર-અમદાવાદમાં ૯૦ જેટલા ગુના આચરનાર ચોર ઝડપાયો

કલોલ, નારદીપુર, મુબારકપુર, અડાલજ, તારાપુર, આમજા સહીતના વિસ્તારોમાં હાથ માર્યા હોવાની કબુલાત : રીઢા ચોરને ટ્રાન્સફર વોરંટથી ગાંધીનગર લવાશે

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત ગાંધીનગર તથા સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં સરકારી શાળાઓના કોમ્પ્યુટર, બોરકુવા પરથી કેબલ અને મોબાઈલ ફોનના ટાવરની બેટરીઓ ઉપરાંત મંદિરોમાંથી આભુષણોની ચોરી જેવા અત્યાર સુધીમાં ૯૦ જેટલા ગુનાઓ આચરનાર રીઢા ચોરને અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ પકડી પાડ્યો છે. આ શખ્સે ગાંધીનગરના વિવિધ વિસ્તારોની ચોરીઓની કબુલાત કરતાં ગાંધીનગર પોલીસ ટુંકમાં ટ્રાન્સફર વોરંટથી રીઢા ચોરને ગાંધીનગર લાવીને સઘન પુછપરછ કરશે.

મુળ સુરેન્દ્રનગરના લખતર તાલુકામાં સ્થિત અણીયાળીનો અને હાલ અમદાવાદના વિરમગામ તાલુકાના વાસણા ગામનો રમેશ ઉર્ફે અડી શંકર દેવીપુજક અમદાવાદ ગ્રામ્ય એલસીબીના સકંજામાં આવી ગયો છે. તેની સઘન પુછતાછમાં વિવિધ ૯૦ જેટલી ચોરીઓની કબુલાત કરી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ, નારદીપુર, મુબારકપુર, અડાલજ, તારાપુર અને આમજા વિસ્તારોમાં પણ ચોરીઓ કરી હોવાની સનસની કબુલાત કરતાં અમદાવાદ પોલીસ પાસેથી આ રીઢા ચોરને ટ્રાન્સફર વોરંટથી ગાંધીનગર લાવવા માટે ગાંધીનગર પોલીસ તજવીજ કરશે. તેની કડક પુછતાછમાં ગાંધીનગરનાં વધુ કેટલાય ચોરીના ભેદ ઉકેલાય તેવી સક્યતાઓ છે.

ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા ત્રણ ઝડપાયા

એલસીબીએ કલોલ શહેરમાં દરોડો પાડી ૨૭ હજારના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૪

કલોલ શહેરની આશુદેવ સોસાયટીમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગઈકાલે દરોડો પાડીને ત્રણ સટ્ટોડીયાઓને ઝડપી પાડ્યા હતા. ૮ મોબાઈલો, ટીવી, લેપટોપ અને સેટઅપ બોક્ષ મળી કુલ રૂ. ૨૭ હજારના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરીને સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે બાતમીને આધારે ગઈકાલે કલોલ શહેર વિસ્તારમાં સ્થિત આશુદેવ સોસાયટી મકાન નં. ૧૫માં દરોડો પાડ્યો હતો. પુગઆ ન્યુ જીનીવા વિરૂદ્ધ અફઘાનિસ્તાનની ચાલતી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હતો. ત્રણ શખ્સોને ૮ મોબાઈલ કિ. રૂ. ૪ હજાર, ટીવી કિ. રૂ. ૭ હજાર, લેપટોપ કિ. રૂ. ૧૫ હજાર અને સેટઅપ બોક્ષ રૂ. ૧ હજાર મળીને કુલ રૂ. ૨૭ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. દક્ષેસ પ્રવિણ બારોટ, ભરત વિઠ્ઠલ નાયક અને ટ્વીંકલસિંગ સતપાલસિંગ મળીને ત્રણેય સટ્ટોડીયાઓની એલસીબીની ટીમે ધરપકડ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૨૪ની ઝાડીઓમાં જુગાર રમતા બે પકડાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સે. ૨૪ વિસ્તારમાં સ્થિત ઝાડીઓમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસમથકના ડીસ્ટાફ પીએસઆઈ સી.બી. ચૌહાણ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને બે શખ્સોને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. સેક્ટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતા અશોક સામજી ભીલ અને હરી ભીખા ભીલ બંનેની રૂ. ૧ હજાર રોકડા તથા બે મોબાઈલો મળીને કુલ રૂ. ૪ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજે નિકુંજ વૈશ્યકની તસવીરોના દ્વિતિય પ્રદર્શનનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૪

તસવીરકાર નલિનીકાંત ઉર્ફે નિકુંજ પી. વૈશ્યક દ્વારા કેમેરે કંડારેલ તસવીરોના દ્વિતીય પ્રદર્શનનું ઉદ્ઘાટન તા. ૨૫મી જુલાઈ શનિવારે સાંજે ૫ કલાકે અમદાવાદના પંડિત રવિશંકર રાવળ કલાભવન ખાતે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અતિ પછાત આર્થિક વિકાસ નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડ્યા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ પ્રદર્શન જાહેર જનતા માટે તા. ૨૭ જુલાઈ સોમવારે બપોરે ૧૨ થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.

સેક્ટર-૧૬માં આજે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૨૪

સેક્ટર-૧૬ બાલાજી મંદિર ખાતે આજે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે. ગોસ્વામી દિલીપ ગુરૂ અને બાલ કિર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે આજરોજ શનિવાર સાંજે ૫.૩૦ વાગે વિષ્ણુભાઈ પટેલ પ્રમુખ કર્મચારી સંકલન સમિતિના યજમાન પદે યોજાશે. ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

બાહુબલી ગણેશ...

અષાઢી બીજ સાથે ચોમાસાનો પ્રારંભ થાય છે. આ સાથે વિવિધ શ્રેણીબધ્ધ તહેવારોની સીઝનનો પણ પ્રારંભ થાય છે. ગુજરાતમાં પણ હવે ખૂબ લોકપ્રિય બની ચુકેલા લોક ઉત્સવ સમા ગણેશ ઉત્સવને જો કે હજુ વાર છે પરંતુ મૂર્તિકારો દ્વારા ગણેશજીની મૂર્તઓની માંગમાં થનાર વધારાને ધ્યાનમાં રાખીને મૂર્તિ ઘડતરનું કાર્ય જોરશોરથીઆરંભી દીધું છે. દર વર્ષે નવા ટ્રેન્ડ સાથે અવનવા સ્વરૂપે દેખાતા ગણેશજીને આ વર્ષની બ્લોક બલ્સ્ટર સાબિત થઈ રહેલ ફિલ્મ 'બાહુબલી'ના નાયકની અદામાં શિવલિંગ ઉંચકતા હોય તેવ મૂર્તિ બનાવી મૂર્તિકારો પણ પોતાની ક્રિએટીવીટી દ્વારા શ્રધ્ધાળુઓના 'ક્રેઝ'ને અંકે કરવાનો મનસૂબો સેવી રહ્યાં છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની નવી કારોબારીની રચના માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની આગામી નવીન કારોબારીની રચના માટે બંધારણીય જોગવાઈ મુજબ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયા અનુસાર ચૂંટણીમાં ઉમેદવારી કરવાની તારીખ તા. ૨જી ઓગષ્ટ અને મતદાનની તારીખ તા. ૯મી ઓગષ્ટ નિયત કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષક સંઘની નવીન કારોબારીની રચના અન્વયે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તે અનુસાર તા. ૨૪મી જુલાઈ, શુક્રવારે બપોરે ૧૨.૩૯ કલાકે મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ફોર્મ ભરવાની તારીખ ૨જી ઓગષ્ટ રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી અને ફોર્મ ચકાસણી માટે બપોરે ૧.૩૦ થી ૨.૩૦ વાગ્યાનો સમય રાખવામાં આવ્યો છે. ફોર્મ પરત ખેંચવાનો સમય તા. ૨જી ઓગષ્ટ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમ્યાનનો રહેશે. તેમજ સાંજે ૬.૩૦ વાગે ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જો જરૂર પડશે તો તા. ૯મી ઓગષ્ટ રવિવારે સવારના ૯ થી ૨ વાગ્યા દરમ્યાનનો રહેશે અને મતદાનનું સ્થળ સે. ૧૩માં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર 'ચાણક્ય' ખાતે રહેશે. ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે ચંદુલાલ વિસરામ જોષી સેવાઓ આપશે.

ઘર આંગણે મુકેલી ઈનોવામાં કોઈ ટોળકી રાત્રે તોડફોડ કરી ગઈ

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સેકટર-૬ જ-ટાઈપ બ્લોક નં ૫૩/૬ ખાતે રહેતા સંજયસિંહ રમેશજી વિહોલો ગઈ રાત્રે પોતાના ઘર આંગણે ઈનોવા ગાડી નં. જીજે ૧૮ બી.સી. ૮૬૯૯ પાર્ક કરી હતી રાત્રી દરમિયાન કેટલાક શખ્સોએ મળીને ગાડીને ધોકા મારીને કાચની તોડફોડ કરી નાંખી હતી. તોડફોડ કરીને તત્વો ફરાર થઈ ગયા હતાં. રૂ. ૯૦ હજારનું અંદાજે નુકશાન થતાં સંજયસિંહે આ મામલે સે-૭ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો સામે ફરિયાદ આપતા જમાદાર પંકજભાઈએ ઉંડી તપાસ શરુ કરી છે.

જામગરી બંદુક સાથે ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર એસઓજી પી.આઈ. પી. બી. ચૌહાણ તથા પીએસઆઈ એ.કે. ભરવાડની ટીમે ગઈ સાંજે બાતમીને આધારે જિલ્લાના જાસપુર ગામની સીમ વિસ્તારમાંથી ગેરકાયદે બંદુક સાથે ફરતા એક ડફેરને ઝડપી પાડ્યો હતો. જાસપુર ગામની સીમમાં કમુભાઈ ઠાકોરના બોર નજીકથી સલીમ છાયા ડફેરની લાયસન્સ વગર દેશી બનાવટની જામગરી બંદુક સાથે ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

જ્યોતિ મહિલા મંડળ અને વિનાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અરવિંદ કેન્દ્ર, સે. ૨૩ ખાતે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હિનાબેન પટેલ (જિલ્લા પંચાયત પ્રમુખ), હંસાબેન મોદી (મેયરશ્રી), જ્યોતિબેન થાનકી (ડાયરેક્ટર ચિલ્ડ્રન યુનિવર્સિટી) મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના પ્રમુખ લતાબેન ચોકસી અને સાથી હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૭૩ ટકા

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
બજરંગી ભાઈજાન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
બાહુબલી : ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
એન્ટ મેન (હિન્દી) : ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫
એન્ટ મેન (અંગ્રેજી) : ૫.૧૫
બજરંગી ભાઈજાન : ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦, ૯.૩૦
ઐસા યે જહાં : ૧.૦૦
બાહુબલી : ૬.૩૦

સ્ક્રીન-૫ :
બજરંગી ભાઈજાન : ૯.૩૦
બાહુબલી : ૧૨.૩૦, ૩.૩૦

આપની આજ

મેષ : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. વ્યાપાર-વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : કામની સફળતામાં સંદેહ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : તમારો આત્મવિશ્વાસ વધશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : સ્વયંની આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક આવશે. પરાક્રમી પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : માનસિક સંતોષ પ્રસન્નતા રહશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. કેશાજી રાયસંગજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ.ખોડીયાર, તા. દસક્રોઈ, જી. અમદાવાદ
- સ્વ. વાઘેલા ફઈબાબા જીવણજી (ઉ.વ.૭૫) મુ. નવા ગામ, પીંપળજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બળદેવજી મથુરજી (ઉ.વ.૬૦) મુ. ફતેપુરા, સેકટર-૧૫, ગાંધીનગર